
ગાંધીનગર સમાચાર

**ગાંધીનગર તાપમાન**
મહત્તમ : ૩૪.૦ ડીગ્રી
લઘુતમ : ૨૫.૦ ડીગ્રી
ભેજ
સવારે ૮૬ ટકા ● સાંજે ૭૨ ટકા

# કાશી પુરાતન સમયથી જ આધ્યાત્મનું કેન્દ્ર

## શિવે ત્રિશૂળ પર ટકાવીને રાખ્યું છે : વિષ્ણુ અને બ્રહ્માનો અહંકાર તોડવા શિવજી કાશીમાં સ્વયંમ્ સ્થાપિત થયા : કાશીમાં સાક્ષાત્ શિવ વિરાજમાન છે

### કાશી કોતવાલ ભૈરવની મહાનગરી કાશી વિશ્વનાથ



કાશી વિશ્વનાથ.. હિન્દુ ધર્મ માટે આ નવું નામ નથી.. કાશી પૌરાણિક કાળથી એક આગવી ઓળખ હીન્દુ સમાજમાં ધરાવે છે. શિવની પ્રિય નગરી તેમજ ભૈરવનાથ જેના કોટવાળ (રક્ષક) છે તેવી કાશી નગરીની વાત જ કાંઈક જુદી છે...કાશી વિશ્વનાથ મંદિર હિંદુ ધર્મનું સૌથી જાણીતું મંદિર છે, જે ભગવાન શિવને સમર્પિત છે. આ મંદિર ઉત્તરપ્રદેશના વારાણસીમાં આવેલું છે. આ મંદિર પવિત્ર નદી ગંગાના જમણા કાંઠે આવેલું છે અને બાર જ્યોતિર્લિંગ પૈકી એક છે. અહીંના મુખ્ય દેવ વિશ્વનાથ અથવા વિશ્વેશ્વરા તરીકે જાણીતા છે, જેનો અર્થ 'વિશ્વના નાથ' થાય છે. વારાણસી શહેર 'કાશી' તરીકે પણ જાણીતું છે, એટલે આ મંદિર 'કાશી વિશ્વનાથ' મંદિર તરીકે ઓળખાય છે. આ મંદિરમાં ભગવાનનું શિવલિંગ મનોવાંછિત ફળદાયક માનવામાં આવે છે. મંદિરનું નિર્માણ દેવીશ્રી અહિલ્યાબાઈ હોલકરજીએ ૧૭૮૬માં કરાવ્યું હતું. મહેશ્વરનાં બધા શિવાલયોમાં સૌથી મોટું શિવલિંગ અહીંના મંદિરના ગર્ભગૃહમાં સ્થાપિત છે.કાશી વિશ્વનાથ મંદિર ભગવાન શિવનાં ૧૨ જ્યોતિર્લિંગ પૈકી એક છે. આ મંદિર હિંદુ ધર્મમાં ખાસ મહત્ત્વ ધરાવે છે. માન્યતા છે કે કાશી ભગવાન શિવના ત્રિશૂળ ઉપર ટકેલું છે. કાશી પુરાતન સમયથી જ અધ્યાત્મનું કેન્દ્ર રહ્યું છે. આ ભારતનું એક અત્યંત પ્રાચીન તીર્થ સ્થળ છે, જ્યાં ગંગા વહે છે. અહીં વારુણી સહિત એંશી નદીનું ગંગાજીમાં મિલનનું સંગમ-સ્થળ હોવાથી આ તીર્થભૂમિને વારાણસી તરીકે ઓળખ મળી છે. શિવલિંગ કાશીના મંદિરમાં સ્થાપિત થવાનું હતું, પરંતુ સંયોગવશ મહેશ્વર પહોંચી ગયું. મહેશ્વર શિવલિંગ આવી જવાથી દેવીશ્રીએ તેની સ્થાપના કરી. મંદિર કાળા પથ્થરો દ્વારા બનાવાયું છે. મંદિરનો સભામંડપ ૧૮ પથ્થરોથી બનેલા સ્તંભો ઉપર ટકેલો છે. સભામંડપ પછી ગર્ભગૃહનો સંપૂર્ણ ભાગ પથ્થરો દ્વારા બનેલો છે. અહિલ્યાબાઈ દર સોમવારે પાલખીમાં બેસીને ભગવાન કાશી વિશ્વનાથ મંદિર જઈને ભગવાનની પૂજા-અર્ચના અને અભિષેક કરતાં હતાં. સવાર અને સાંજના સમયે અર્ચન પછી નૈવેદ્યમાં ચોખા અને દાળ ધરાવવામાં આવતો હતો. આજે પણ આ પ્રથા શરૂ છે. કાશીમાં જે લિંગ છે એ 'અવિમુક્તેશ્વર લિંગ' તરીકે ખ્યાતનામ છે. કથા અનુસાર ભગવાન વિષ્ણુ અને બ્રહ્માજી વચ્ચે વિવાદ થયો કે કોણ વધારે શક્તિશાળી છે. આ વિવાદમાં મધ્યસ્થી બનવા માટે ભગવાન શિવજીએ વિશાળ જ્યોતિર્લિંગનું સ્વરૂપ ધારણ કર્યું હતું.શિવજીએ ભગવાન વિષ્ણુ અને બ્રહ્માજીને વિશાળ જ્યોતિર્લિંગનો સ્રોત અને ઊંચાઈની જાણકારી પ્રાપ્ત કરવા માટે કહ્યું હતું. બ્રહ્માજી પોતાના હંસ ઉપર બેસીને શિવલિંગની ઊંચાઈ અંગે જાણકારી મેળવવા આકાશ તરફ ઊડ્યા. વિષ્ણુજી શંકરનું સ્વરૂપ ધારણ કરીને પૃથ્વીમાં ખોદકામ કરવા લાગ્યા, જેથી તેના ઊંડાણ અંગે જાણકારી મળી શકે. બંને અનેક યુગો સુધી પણ તેમના ઊંડાણ કે ઊંચાઈ અંગે જાણકારી પ્રાપ્ત કરી શક્યા નહીં. અંતે, હાર માનીને વિષ્ણુજી શિવજી સામે નતમસ્તક થઈ ગયા, પરંતુ બ્રહ્માજીએ અસત્યની મદદ લીધી અને કહ્યું કે તેમણે ઊંચાઈની જાણકારી મેળવી લીધી છે. આ અસત્ય માટે શિવજીએ ગુસ્સે થઈને બ્રહ્માજીને શાપ આપ્યો કે તમારી કોઈપણ સ્થાને પૂજા થશે નહીં, એટલે બ્રહ્માજીના મંદિર કોઈ સ્થાને જોવા મળતાં નથી. સૂતજી કહેવા લાગ્યા કે 'હે ઋષિમુનિઓ, જ્યારે ભગવાનને બેમાંથી એક સ્વરૂપ ધારણ કરવાની ઈચ્છા થઈ ત્યારે પોતે 'શિવ' અને 'શક્તિ'નું સંયુક્ત સ્વરૂપ ધારણ કર્યું. આ રીતે બંનેએ આકાશવાણી સાંભળી કે તમે બંને એવી તપસ્યા કરો કે સંપૂર્ણ સૃષ્ટિનું સર્જન થઈ શકે. તો ભગવાન શિવે આકાશમાં જ તપ કરીને એક ઉત્તમનગરીનું નિર્માણ કર્યું હતું, જે તમામ જરૂરી સાધનોથી સજ્જ હતું.

અહીં વિષ્ણુજીએ સૃષ્ટિની રચના કરી અને શિવજીની આદરપૂર્વક તપસ્યા કરી હતી. આ પછી સૃષ્ટિનિર્માણ વખતે પાણીનો ઘણો પ્રવાહ વહેવા લાગ્યો અને આખા આકાશમાં એ વ્યાપી ગયો. તેઓ કંઈ જોઈ શક્યા નહીં. એનાથી પ્રભાવિત થઈને વિષ્ણુજી થોડા અસ્વસ્થ થયા અને જ્યારે તેમણે આશ્ચર્યથી માથું હલાવ્યું, ત્યારે તેમના કાનમાંથી એક મણકો પડ્યો. જ્યાં આ મણકો પડ્યો એ સ્થાન 'મણિકર્ણિકા' નામનું પ્રસિદ્ધ તીર્થસ્થાન બન્યું. જ્યારે આખું શહેર ઉપરોક્ત જળાશયમાં ડૂબવા લાગ્યું, ત્યારે ભગવાન શિવે પૃથ્વીને પોતાના ત્રિશૂળ પર ધારણ કરી લીધું. એ સમયે વિષ્ણુ પોતાનાં પત્ની લક્ષ્મીજી સાથે એ જ જગ્યાએ સૂઈ ગયા હતા. ત્યારે વિષ્ણુની નાભિમાંથી એક કમળનો જન્મ થયો અને આ કમળમાંથી બ્રહ્માજીનો જન્મ થયો. બ્રહ્માજીની ઉત્પત્તિમાં પણ ભગવાન શિવજીની ઈચ્છા હતી. આ પછી તેમણે શિવના આદેશથી સૃષ્ટિની રચના શરૂ કરી. તેમણે બ્રહ્માંડમાં ચૌદ ભુવનોની રચના કરી. ઋષિ-મુનિઓએ આ બ્રહ્માંડનો વિસ્તાર પચાસ કરોડ યોજનાઓના રૂપમાં બતાવ્યો છે. ત્યારે શિવજીએ વિચાર્યું કે તે જીવો મને આ બ્રહ્માંડમાં કર્મોનાં બંધનમાંથી કેવી રીતે મેળવશે.

તેથી જ શિવજીએ આ દુનિયામાં મુક્તિદાની પંચકોશી છોડી દીધી. અહીં શિવે 'મુક્ત' નામના જ્યોતિર્લિંગની સ્થાપના કરી હતી. હે ઋષિ! બ્રહ્માજીના એક દિવસના અંતે સંહાર થાય છે.

## જન્મદિને વધામણી



નિલેશ પુરુષોત્તમભાઈ શર્મા
મો. ૯૭૧૪૪ ૭૫૫૨૫



ડો. જયંત તટુ
મો. ૯૩૭૬૧ ૩૧૬૮૬



ભગવતી શૈલેન્દ્રસિંહ સોલંકી
મો. ૯૯૧૩૭ ૭૪૨૨૮



હેમેન્દ્ર અ ભટ્ટ
મો. ૯૪૨૮૯ ૧૪૯૪૫



હિરબા ભાનુસિંહ બિહોલા
મો. ૯૮૨૫૩ ૦૯૧૩૦



રુદ્રસિંહ સુધીરસિંહ ચાવડા
મો. ૯૭૧૨૭ ૩૪૩૪૦



રાણા જયવીરસિંહ અશોકસિંહ
મો. ૮૪૦૧૦ ૯૮૩૧૧



અલ્પેશ કાનુગા



ભગવતીબેન પટેલ
લાયન્સ કલબ ઓફ ફેમીના
મો. ૯૮૨૪૨ ૭૨૮૫૨



સંધ્યા શ્રવણકુમાર મારવાડી
મો. ૯૫૭૪૮ ૨૧૦૭૨



પટેલ નીશાબેન યાજ્ઞિકભાઈ

## સિવિલમાં એમઆરઆઈનો રીપોર્ટ ઝડપી મળે તેવી માંગ

ગાંધીનગર,તા.૨૭

ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં આરોગ્યલક્ષી સુવિધાનો વધારો થતા દર્દીઓનો ધસારો જોવા મળે છે. તાજેતરમાં સિવિલમાં એમઆરઆઈ મશીન પણ કાર્યરત થતા દર્દીઓને તે સેવાનો લાભ મળે છે.પરંતુ એમઆરઆઈનો રીપોર્ટ દર્દીઓને જે તે દિવસે મળતો નથી. સિવિલમાં રેડીયોલોજી વિભાગમાં સ્ટાફની અછત જોવા મળે છે. એકસ-રે, સીટીસ્કેન, સોનોગ્રાફી અને એમઆરઆઈની સુવિધા ઉપલબ્ધ થતા જિલ્લા સહિત આસપાસના દર્દીઓ ગાંધીનગર સિવિલ સારવાર માટે આવે છે. જેથી સિવિલ દર્દીઓથી ઉભરાતી જોવા મળે છે. ઓપીડી બિલ્ડીંગ અને તાત્કાલીક વિભાગમાં વિવિધ રોગની સારવાર માટે દર્દીઓની લાંબી લાઈનો લાગે છે. જેથી રેડીયોલોજી વિભાગમાં કામગીરીનું ભારણ સતત વધી રહ્યું છે. જયારે પુરતો સ્ટાફ પણ નથી. ત્યારે ડોકટર્સ દ્વારા એમઆરઆઈ લખવામાં આવે છે.જેથી દર્દીઓ એમઆરઆઈ કરાવે છે. પરંતુ એમઆરઆઈનો રીપોર્ટ જે તે દિવસે આવતો નથી અને બીજા દિવસે આવતો હોવાથી દર્દીનુ યોગ્ય નિદાન થતુ નથી.ત્યારે એમઆરઆઈ રીપોર્ટ તે જ દિવસે આવે તેવી માંગ ઉઠવા પામી છે.

## ચિરવિદાય

● મુક્તિધામ ●

- **સ્વ.ઠાકોર ધુળીબેન કોદરજી** ઉ.વ.૬૦, શિહોલી મોટી
- **સ્વ.પટેલ શારદાબેન શામળભાઈ** ઉ.વ.૮૫, ગાંધીનગર
- **સ્વ.પટેલ નટવરલાલ પ્રભુદાસ** ઉ.વ.૭૧, ગાંધીનગર
- **સ્વ.નાયી રમણભાઈ આત્મારામ** ઉ.વ.૭૩, નાદરી
- **સ્વ.જાની પૂર્ણિમાબેન મનહરલાલ** ઉ.વ.૭૬, મોરબી, રાજકોટ

## પોસ્ટ કોલોની પાસે કેળાના વેપારીના રૂા.ચાર હજાર ઝુંટવી નાસી ગયા

ગાંધીનગર, તા.૨૭

શહેરના ગ માર્ગ સેકટર-૨૩ પોસ્ટ કોલોની સામે બે શખ્સો બાઈક લઈને રાત્રીના આઠ વાગે આવ્યા હતા. તેઓએ લારી સામે બાઈક ઉભુ રાખી રૂ.૫૦ ના કેળાની ખરીદી કરી રૂ.૨૦૦ ની નોટ આપી હતી.જેથી વેપારીએ ખિસ્સામાં પ્લાસ્ટીકની કોથળીમાં મુકેલા રૂ.૪ હજાર કાઢ્યા હતા. ત્યારે બે શખ્સો વેપારીના રૂ.૪ હજાર ઝુંટવી બાઈક લઈ ફરાર થઈ ગયા હતા. શહેરના ગ-૫ પાસે છાપરામાં રહેતા ગંભીરભાઈ ઉર્ફે રાજુભાઈ દેવીપુજક પરિવાર સાથે રહે છે અને પોસ્ટ કોલોની સામે કેળાની લારી ચલાવી પરિવારનું ગુજરાન ચલાવે છે. ગઈકાલે સવારે કેળાની લારી પોસ્ટ કોલોની પાસે ઉભી રાખી હતી અને દિવસ દરમિયાનનો વેપારના રૂપીયા કોથળીમાં મુકી ખીસ્સામાં મુકતા હતા. ત્યારે ગઈકાલે રાત્રીના આઠ વાગે બાઈક પર બે શખ્સો આવ્યા હતા અને રૂ.૫૦ ના કેળા લીધા હતા.ત્યારબાદ એક શખ્સે રૂ.૨૦૦ ની નોટ આપી હતી.ત્યારે વેપારીએ છુટા પૈસા આપવા કોથળીમાં રહેલા પૈસા બહાર નીકાળ્યા હતા. ત્યારે રાત્રીના અંધકારનો લાભ લઈ યુવક વેપારની કોથળીના રૂપીયા ઝુંટવી બાઈક લઈ બે શખ્સો રાત્રીના અંધકારમાં ફરાર થઈ ગયા હતા. મહાત્મા મંદિર તરફ બાઈક દોડીવા મુકતા વેપારી પણ બુમાબુમ કરીને પાછળ દોડ્યા હતા. જયારે પૈસા લઈને ગયેલા શખ્સોનો અન્ય નાગરીકોએ પીછો કર્યો હતો.પરંતુ પૈસા લઈ નાસી છુટેલા રોકેટ ગતિએ જતા શખ્સોના બાઈકનો નંબર માત્ર જી.જે.૩૫ દેખાયો હતો

# જીવનમાં કરેલ સદકાર્યોની સુવાસ જીવન પછી પણ પ્રસરતી રહેશે..!!

## ગત વર્ષે રક્ષાબંધનના ત્રણેક દિવસ અગાઉ જ અચાનક ભાઈને ગુમાવનાર બહેને ભાઈની યાદમાં તેમના સદકાર્યોને આગળ ધપાવ્યાં : માત્ર પરિવાર જ નહીં મિત્રોને પણ પ્રેરણા આપતું જીવન જીવી જનાર ગાંધીનગરના યુવાનના સદકાર્યોની સુવાસ સતત તેઓ પ્રસરતી રાખી રહ્યાં છે









ગાંધીનગર, તા. ૨૭

રક્ષાબંધનનું પવિત્ર પર્વ આવી રહયું છે, વિશ્વભરમાં આ એક એવુ અજોડ પર્વ છે જેમાં ભાઈ-બહેનના સ્નેહની ઉજવણી કરવામાં આવે છે. જોકે કેટલાંક એવાં પણ પરિવારો હોય છે જેમાં આ પર્વ બહેન કે ભાઈ માટે આંખોમાં વિષાદના આંસુઓ લઈને આવતું હોય છે. ગત વર્ષે રક્ષાબંધનના ત્રણેક દિવસ પૂર્વે જ ગાંધીનગરના સેક્ટર-૭માં અગ્રાવત પરિવારમાં આવી જ એક આઘાતજનક બીના સર્જાવા પામી હતી જેમાં ભાઈના હાથે રાખડી બાંધવા છેક નવસારીથી આવવા ઉત્સુક બનેલી બહેનનો યુવાન ભાઈ અચાનક જ સ્વર્ગની વાતે સીધાવી ગયો હતો. એવુ કહેવાય છે કે જીવનમાં તમે કરેલા સદકાર્યોની સુવાસ તમારા ગયાં પછી પણ સમાજમાં પ્રસરતી રહે છે અને અન્યોને પ્રેરણા આપતી રહે છે. આકાશ અગ્રાવત નામના આ યુવાને ટૂંકા જીવનમાં એવુ પરોપકારી જીવન જીવ્યા હતા કે તેમના ગયા પછી તે સદકાર્યોની સુવાસને તેમની બહેન મેઘના દ્વારા પ્રસરાવતા પ્રયાસો કરવામાં આવી રહ્યાં છે, એટલું જ નહીં પરંતુ સ્વ. આકાશના મિત્રો પણ તેમનાથી પ્રેરિત હતા અને તેઓ પણ મિત્રના સ્મારણમાં વિવિધ સેવાકાર્યો કરતા રહીને સમાજમાં તેમના સદકાર્યોની સુવાસ પ્રસરાવતા રહે છે.





સ્વ. આકાશ અગ્રાવત ઈન્ફોસીટી ખાતે યુએસએની એક રિયલ એસ્ટેટ કંપનીના આઉટસોર્સીંગ યુનિટમાં જોબ કરતાં હતા. નામ અનુસાર જ આકશ જેવું વિશાળ હૃદયમાં નમ્રતા, નિસ્વાર્થ સેવા, નૈતિક ફરજોનું પાલન, માતૃપ્રેમ- પિતૃપ્રેમ અને કુટુંબપ્રેમ સાથે બહુમખી પ્રતિભા જેવા ગુણો ધરાવતા આકાશ અગ્રાવતનું અસ્તિત્વ જ પ્રેરણા આપે તેવું હતું. એક હાથે કોઈને મદદ કરે તો બીજા હાથને ખબર પણ ના પડે તેવો પરગજું સ્વભાવ ધરાવતા આકાશ એક પ્રકૃતિ પ્રેમી હતા. ઓછું બોલવું પરંતુ સાચું બોલવું અને કોઈપણ પરિસ્થિતિમાં એડજસ્ટ થઈને પણ હંમેશા ખુશ રહેવું તે તેમનો સ્વભાવ હતો. ભારતીય સંસ્કૃતિ અને ઐતિહાસિક વારસાથી પ્રભાવિત આકાશે. મિત્રો સાથે મળીને ગાંધીનગરમાં "હેરિટેજ એન્ડ એનવાયરમેન્ટ લવર પીપલ" ટૂંકમાં "હેલ્પ" નામની સંસ્થાની સ્થાપના કરાવી હતી. આ સંસ્થામાં તેઓ બર્ડ - એનિમલ રેસ્કયું, પક્ષી ઘર અને કુંડા વિતરણ, વૃક્ષારોપણ જેવી પ્રવૃતિઓ કરવા સાથે નેચર કેમ્પના શોખીન હોવાથી ગીરના જંગલમાં સિંહની ગણતરી માટે પણ જતાં અને ત્યાં જઈને જંગલમાં સ્વછતા અભિયાન તેમજ ગીરમાં રહેતા નેસડાંવાળાઓ માટે મેડિકલ ચેકઅપ કેમ્પ પણ યોજતા હતા. પ્રાકૃતિક તેમજ ધાર્મિક સ્થળોએ હરવા ફરવાના શોખીન આકાશ લડાખ, કાશ્મીર હરિદ્વાર અને ગિરનાર જેવા સ્થળોએ મિત્રોને સાથે લઈને ફરવા જાય તો હંમેશા સુખસુવિધાયુક્ત લકઝરી ભોગવવાને બદલે સાવ સામાન્ય સુવિધામાં જ રહેવાનું પસંદ કરતા. પોતાની બહેનને પણ પ્રવાસ-ટ્રેકિંગ માટે પ્રોત્સાહિત કરતા. બહેન હોય કે મિત્રો દરેકના નાના મોટા દરેક પ્રસંગોમાં મજબૂત દિવાલની જેમ અડીખમ મદદમાં ઉભા રહે, એટલે સુધી કે મિત્રોને કોઈપણ આકસ્મિક સમયમાં ઈમર્જન્સી નંબર એટલે સૌથી પહેલા "આકાશ" જ યાદ આવે. ક્યારેક ગરીબોમાં ચપ્પલ વિતરણ કરે તો કોરોના લોકડાઉનમાં જરૂરિયાતમંદોને ભોજન વ્યવસ્થામાં કરી આપવામાં મદદરૂપ થતા. ધાર્મિક વૃત્તિના પગલે નિયમિત અંબોડના નીલકંઠ મહાદેવ જતા અને તેના જીર્ણોદ્ધાર તેમજ નવગ્રહ મંદિરના નવનિર્માણમાં સંકુલની અન્ય સુવિધાના વિકાસમાં માર્ગદર્શન અને યોગદાન આપતાં રહેતા. જરૂરિયાતમંદોની મદદ કરવા હંમેશા તત્પર રહેતા આકાશ પાસે કોઈ ગરીબ માંગવા આવે તો ખિસ્સામાંથી ૧૦૦ કે ૨૦૦ રૂપિયા આપી દેતા અચકાય નહીં અને ઉપરથી પૂછે કે હજી કઈ જરૂર હોય તો કહો.

શહેરમાં એક તંબુરો લઈને ફરતા વૃદ્ધા તો સેક્ટર ૧૧માં અખબાર ભવનની સામેની ચાની કીટલીએ આવે એટલે અચૂક પૂછે કે "આકાશભાઈ ક્યાં છે" કેમકે વાર તહેવારે તેમને હંમેશા મદદરૂપ થતાં. ચા પીવાના શોખીન આકાશ દ્વારા સાહસિક, એડવેન્ચર અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ માટે 'ગ્રીન ગ્લોબ એડવેન્ચર ગ્રુપ' દ્વારા અનેક કાર્યક્રમો હાથ ધરાયા હતા.

ગત વર્ષે રક્ષાબંધનના ત્રણેક દિવસ અગાઉ જ તા.૮મી ઓગસ્ટ ૨૦૨૨ના રોજ એક મિત્રની મદદમાં હોસ્પિટલ ખાતે રોકાયેલા આકાશનું અચાનક ઊંઘમાં જ આવી ગયેલા હૃદયરોગના ભારે હુમલાને કારણે અવસાન થતા પરિવાર અને મિત્રો પર જાણે વીજળી તૂટી પડી હતી. જોકે તેમના ગયાં બાદ તેઓ પરિવાર અને મિત્રો થકી તેમનાથી જ પ્રેરિત સદકાર્યોમાં જીવંત રહ્યાં છે. તેમના બહેન મેઘના ગાંધી જેઓ નવસારી ખાતે રહે છે તેમણે ભાઈ સ્વ. આકાશની યાદમાં ગત જાન્યુઆરી માસમાં "આકાશ કિડ્સ ક્લબ"ની સ્થાપના કરી છે. આ અંતર્ગત તેઓ બાળકો સફળ અને સહૃદયી બને, તેમનામાં પ્રકૃતિ પ્રેમ, નીતિમત્તા, સંસ્કાર, બીજાને મદદરૂપ થવાના ગુણો વગેરે ખીલે તે માટે વિવિધ પ્રવૃતિઓ કરે છે જેમાં નેચર કેમ્પ, એડવેન્ચર એક્ટિવિટીઝ, સેમિનાર, સાંસ્કૃતિક કાર્યક્રમો યોજે છે અને વિવિધ દિવસોની ઉજવણીઓ સાથે બાળકોને ટીવી,મોબાઈલ, લેપટોપથી દૂર રહીને નેચર સાથે કનેક્ટ થવાનું અને કોઈપણ સ્થિતિમાં એડજસ્ટ થઈને રહેવાનું શીખવે છે.

આ પ્રવૃત્તિઓ સરકારી શાળાના જરૂરિયાતમંદ અને દિવ્યાંગ બાળકો માટે તદન નિઃશુલ્ક રીતે કરવામાં આવે છે. સ્વ. આકાશના પિતાએ અંબોડ ખાતે આકાશની યાદમાં પરબ બંધાવી છે જયારે મિત્રોએ પણ સ્વ. આકાશની પહેલી વાર્ષિક પુણ્યતિથિએ સવાસો જેટલી અનાજ કરિયાણાની કીટ બનાવીને તેનું જરૂરિયાતમંદોમાં વિતરણ કર્યું હતું.

એટલું જ નહીં પ્રથમ માસિક અને વાર્ષિક પુણ્યતિથિએ સ્વ. આકાસની ફેવરિટ ચાની કીટલી પર જ્યાં મિત્રો હજુ પણ મળે છે ત્યાં પહેલી એક હજાર ચા વિના મુલ્યે દરેકને પીવડાવી મિત્રના સ્મરણને વાગોળ્યાં હતા. આમ સ્વ.આકાશ તેમના જીવન દરમ્યાન અને તે પછી પણ તેમના સદકાર્યો થકી સદાને માટે એક વિચારધારારૂપ બનીને જીવંત છે.